

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

બંધારણી સુરક્ષા સમૂહની જવાબદારી છે,
જીભ પર લગામમાં જ સાચી સમજદારી છે,
વફાદારી છે સૌની દેશ પ્રત્યે, એ શ્રદ્ધા વિશ્વાસે -
પહેલાં તો રાષ્ટ્ર, પછી જ પક્ષની વફાદારી છે.

હાઈકુ

રહો મક્કમ
થાવ ન ડગુમગુ
ભીડ જોઈને!

છીએ સંતાન -
માતા છે સૌની એક
ભારતમાતા

### ચિંતન

સંયામાસ્ર વિવેકેન, શાણેનોત્તેજિતં મુનેઃ ।
ધૃતિ - ધારો લ્બણં કર્મ શત્રુચ્છેદક્ષમં ભવેત્ ॥

ઉપરોક્ત શ્લોક જ્ઞાનસારમાંથી લેવામાં આવેલ છે.

સંયમ, એ અસ્ત્ર-શસ્ત્ર છે, વિવેક એ શરાણ છે. (ધાર કાઢવા માટેનો પથ્થર), ધીરજ, એ તિક્ષણ ધાર છે. કર્મ, એ શત્રુઓ છે, મુનિ એ યોધ્ધા છે. મુનિ નું વિવેકની સરાણ પર ધીરજની તિક્ષણ ધાર કાઢેલું સંયમરુપી શસ્ત્ર કર્મરુપી શત્રુઓના ઉચ્છેદ માટે સમર્થ છે.

વિવેકથી મુનિનું સંયમ તેજ બને છે, જે કર્મને નિસ્તેજ કરે છે.

### સુવિચાર

- હજારો શબ્દોની આહુતિ આપ્યા પછી મૌનનો એક અંશ જન્મતો હોય છે. એ અંશ બોલતો કશું જ નથી, પણ એનો અળાજ પડઘો બની શકે એટલો બુલંદ હોય છે - **ચિત્રલેખા**
- આંસુ એટલું સાબિત કરે છે કે હજી માણસમાં કશુંક એવું છે કે વહી શકે છે - **ડો. શૈલેષ જાની**
- જિંદગીમાં સંબંધો કોબી જેવા છે... જો તમે એને ફોલ્યા કરો તો કંઈ જ હાથમાં ન આવે - **ઝેન કથન**
- જો તમે જીતી જશો તો પ્રસન્ન રહેશો, જો હારી જશો તો તમે સમજદાર બનશો - **ઉસેન બોલ્ટ**
- જેવું વિચારો તેવું બોલો, જેવું બોલો તેવું આચરો એટલે જ 'સત્ય' - **કાંતિ ભટ્ટ**
- સત્ય પાલનમાં નિષ્ઠા હોવી અને જરાય ગલફત ન હોવી એનું નામ જ 'એફિસિયન્સી' - **એસ. ભટ્ટાચાર્ય**

(સંકલન : દીપક વી. આશરા)

### બોધકથા

એક મોટું રાજય હતું જે જેમાં લોકો મહેનતું હતા, વ્યાપારીઓ પ્રામાણિક પણે વ્યાપાર કરી સમૃદ્ધ હતા. રાજકોષ આવા લોકોથી ખૂબ સમૃદ્ધ હતો. કયાંક કોઈ દુઃખ કલેસ કંલાશ ન હતા. એની બાજુમાં જ બીજું નામું રાજય હતું. ત્યાંની પ્રજા ગરીબ હતી,અંદરો અંદર ઝઘડતી રહેતી હતી. રાજા ખુબ દુઃખી હતો. એને પ્રજા - સુખી બનાવવાનો કોઈ ઉપાય જડતો ન હતો. આથી એણે મોટા રાજયના પડોશી રાજાની મુલાકાત કરી અને પોતાના નાના રાજયની સમસ્યાના હલ વિશે પૂછ્યું. 'આપનું રાજય મોટું પણ અશાંતિ છે. તમારી પ્રજાના સુખ સમૃદ્ધિનું કારણ શું છે?' રહસ્ય બતાવો.' પડોશી રાજાએ કહ્યું, 'મહારાજ !' મારા દ્વારા નિયુક્ત કરવામાં આવેલ ચાર ચોકીદાર છે. આ ચોકીદારો હળ પળ મારી સુરક્ષામાં તૈનાત રહે છે. નાના રાજાએ પૂછ્યું, 'ફક્ત ચાર ચોકીદારથી આપનું કામ થઈ જાય છે? મારે ત્યાં તો નોકરોની ફોજની ફોજ સેવામાં લાગેલી રહે છે.' રાજાએ રહસ્ય ખોલતાં કહ્યું, 'આ ચાર ચોકીદારોમાંનો પ્રશ્ન ચોકીદાર 'સત્ય' છે, જે મને જૂઠું બોલવાથી બચાવે છે, બીજો છે 'પ્રેમ' તે મારા મનમાં કોઈ પ્રત્યે ધૃણા થવા દેતો નથી. ત્રીજો છે 'ન્યાય', જે મને અન્યાયી થવા દેતો નથી. અને ચોથો છે 'ત્યાગ', ત્યાગ મને સ્વાર્થી થવા દેતો નથી. તે મને નિઃસ્વાર્થ ભાવથી કામ કરવાની પ્રેરણા આપે છે.' નાના રાજાને સત્ય, પ્રેમ, ન્યાય અને ત્યાગ ના ચાર ચોકીદારોના દૃષ્ટાંતથી પોતાના રાજયની અસફળતા અને અશાંતિના મૂળની ખબર પડી ગઈ. અને પોતે આ ચાર ચોકીદારોની નિમણૂક કરી અમલ શરુ કર્યો.

# અફઘાનિસ્તાનમાં તાલિબાન શાસન શૈલી યથાવત

**તંત્રીસ્થાનેથી...**

અફઘાનિસ્તાન પર કબજો મેળવી લીધાં પછી તાલિબાનો દેશના સૌથી નાના પ્રાંત પંજશીરમાં પ્રવેશી શક્યા નથી. ત્યાંની સ્વાભિમાની પ્રજા તાલિબાન સામે જીવસટોસટની લડાઈ લડી રહી છે. અગાઉની તાલિબાન સરકારને કે અંગ્રેજોને પણ નહીં ગાંઠનારી આ ખીણની લડાયક પ્રજા એનાં ટાંચાં સંસાધનો સાથે તાલિબાનના પ્રચંડ બળ સામે ઝઝૂમી રહી છે. વિશ્વને આશ્ચર્યચક્તિ કરી દેનારી આ ઘટનાનો અંજામ જે આવે તે. હાલ તો તાલિબાનના સેંકડો સિપાઈઓનો સોથ વળી ગયો છે અને તાલિબાને ખીણ વિસ્તારની નાકાબંધી કરી દીધી હોવા છતાં એના બહાદુર નેતા અહમદ મસૂદ કે અશરફ ગનીના નેતૃત્વ હેઠળ ઉપરાષ્ટ્રપતિ રહેલા પંજશીરના નેતાએ મચક આપી નથી. એમને આતંકગ્રસ્ત અફઘાનિસ્તાન ખપતું નથી. તેઓ ઈસ્લામિક શાસનનો સ્વીકાર કરવા તૈયાર છે પણ ઘાતકી કાયદાઓનો વિરોધ કરે છે. પ્રગતિશીલ વિશ્વની સાથે કદમ મિલાવી જીવવા મળતું જોઈએ એવું માનનારા પંજશીરના 'શેર' તાલિબાનની ક્રૂર શાસન શૈલી હરગિજ પસંદ કરતા નથી. તેઓ આધુનિક અફઘાનિસ્તાનના પુરસ્કર્તા છે. જયાં શિક્ષણ, આરોગ્ય અને રોજગારની તમામ તકો ઉપલબ્ધ હોય. પંજશીરના ઝુઝારુ લડવૈયાઓ જૂજ સંખ્યામાં છે પણ એણને નોર્ધન એલાયંસના બહાદુર અગ્રણીઓનું સમર્થન છે. મૂળે અફઘાનિસ્તાનના જુદા જુદા વિસ્તારોમાં જુદા જુદા કબીલાઓની પરંપરાગત પકડ રહેતી આવી છે. તાલિબાની વિચારધારાની વિરુદ્ધ સ્વમાનભેર પોતાની આઝાદી બુલંદ કરવા માંગતા મૂઠ્ઠીભર પરિબળોને જે પડકાર ઊભો કર્યો છે તેની આખી દુનિયાએ નોંધ લેવી જોઈએ. એમણે પાડોશી દેશો અને યુરોપનાં રાષ્ટ્રો પાસેથી સૈન્ય સંશાધનો સહિત તમામ પ્રકારની મદદ માટે પણ ગુહાર લગાવી છે. જો કે હજી સુધી એમને કોઈ વિદેશી સત્તાઓ તરફથી સહકારની ઓફર થઈ નથી. અમેરિકા અને યુરોપ સહિતના દેશોએ એમના સૈનિકોને પાછા બોલાવી લીધા એથી તાલિબાનોને છૂટો દોર મળી ગયો અને અફઘાન સેનાએ ઝાઝા પ્રતિકાર વગર જ હથિયાર હેઠાં મૂકી દીધાં. કેટલાક સ્વમાની સૈનિકો સહિત પંજશીર અને નોર્ધન અલાયંસ દ્વારા તાલિબાન વિરુદ્ધ ઊભો થયેલો પ્રતિરોધ આટલો લાંબો ચાલી શક્યો એ પણ આશ્ચર્યજનક ઘટના જ ગણાય. તાલિબાનોને લોહી વહેવડાવવાનો છોછ તો હતો જ નહીં. પરંતુ પંજશીર સામે ચાલીને શરણે આવે એવી અપેક્ષા સથે એણે શરૂઆતમાં ઢીલું વલણ અપનાવ્યું હતું. જો કે પંજશીરના નેતાએ સત્તામાં ભાગીદારીથી જ મામલો ઉકેલાઈ જશે એવી તાલિબાની ઓફરને ફગાવી દીધી છે. એનો પાયાનો વિરોધ તાલિબાનની કાર્યશૈલી સામે છે. ઉદારમતવાદી બનવામાં ઠાલાં વચનોનો કોઈને વિશ્વાસ પડતો નથી. હેરાત જેવા કોસ્મોપોલિટન શહેરમાં સ્ત્રીઓએ રસ્તા પર ઊતરવાની હિંમત દાખવી છે. એમને વીસ વર્ષ અગાઉની જેમ તાલિબાની શાસનમાં કામ અને શિક્ષણથી વંચિત રહેવું પોસાય એમ નથી.

અત્યારે અમેરિકા સહિત ઘણા દેશોએ અફઘાનિસ્તાન માટેનાં નાણાંકીય સ્રોત ફ્રીઝ કરી દીધેલ હોઈ ભયંકર આર્થિક કટોકટી પ્રવર્તી રહી છે. ધંધા રોજગાર ઠપ્પ થઈ ગયા છે. બધે જ ભયનું વાતાવરણ છે. માત્ર પાકિસ્તાન અને ચીજે જ એમના વહેવારો ચાલુ રાખ્યા છે. રશિયાનો દૂતાવાસ ચાલુ છે પણ એ વેઈટ એન્ડ વોચ સ્થિતિમાં છે. અફઘાનિસ્તાનને પાકિસ્તાન અને ચીન પર જ આધારિત રહેવું પડે એવી દારુણ સ્થિતિ સરજાઈ છે. ચીનનો ડોળો અફઘાનિસ્તાનની અખૂટ ખનિજ સંપત્તિ પર છે. પોતાના દેશમાં ઉઈગર મુસલમાનોની વહારે ચડીને દેશમાં આતંકવાદ નહીં ફેલાવવાની પૂર્વ શરત સાથે ચીન અફઘાનિસ્તાનની પારાટ પરથી ખડી ગયેલી ગાડીને ફરી પાટા પર લાવવાનું આશ્વાસન આપી રહ્યું છે. જો કે તાલિબાનોએ વારંવાર ખાતરી આપી છે કે તેઓ પોતાની ધરતીનો દુરુપયોગ પાડોશી દેશો પર આતંકી હુમલાઓ કરવા માગતા પરિબળો દ્વારા નહીં થવા દે, છતાં એમનાં આ શબ્દો પર વિશ્વાસ કરી શકાય એમ નથી. પાકિસ્તાન આર્મીએ જ તાલિબાનોને તાલીમ આપીને તૈયાર કર્યા છે અને અલ-કાયડા જે જૈશ-મોહંમદ જેવાં આતંકી જૂથો હવે કાશ્મીર સહિતના દુનિયાના 'ઈસ્લામિક' પ્રદેશોને ઈસ્લામના દુશ્મનોના સકંજામાંથી મુક્ત કરાવવા મેદાને પડશે એવા હાકલા-પડકારા ચાલુ થઈ ગયા છે. અફઘાનિસ્તાનને આધુનિક વિશ્વના ખુલ્લા વિચારો સાથે સાંકળવા મથતાં પંજશીરના કે નોર્ધન એલાયંસના યુદ્ધવીરોની વહારે હજી સુધી કોઈ જ આવ્યું નથી એ જ શું સૂચક નથી ? તાલિબાનોએ જાહેર કરી દીધું છે કે એમની સરકારમાં સ્ત્રીઓને સ્થાન નહીં હોય. સ્ત્રીઓ શરિયાના કાનૂનની મર્યાદા સાથે કામ કરી શકશે અને શિક્ષણ સંસ્થાઓમાં છોકરા-છોકરીઓ સાથે નહીં ભણી શકે. તાલિબાનોએ આત્મઘાતી લડવૈયાઓ સાથે વિસ્ફોટકોથી ભરેલાં વાહનોની પરેડ દર્શાવી એમનું અસલી સ્વરુપ બતાવી જ દીધું છે.

# ચિકનગુનિયા જીવલેણ છે?

## ચિકનગુનિયા ટેસ્ટ બધી લેબમાં થઈ શકે ? ચિકનગુનિયા PCRથી જ કરવો જોઈએ ? કેમ ?



તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર

આજે વિપુલ ઘણા દિવસ બહાર ગયો હતો. આજે હાજર થયો. વિપુલને જોવામાં સહેજ તકલીફ પડતી હતી. ગાંડાલાલે કહ્યું વિપુલભાઈ તમારી આંખમાં કઈ તકલીફ છે? વિપુલે કહ્યું ના, ના ભાઈ.... એવું કંઈ છે નહીં. મને બધુ બરાબર દેખાય છે. ગાંડાલાલ બોલ્યા... રહેવા દો વિપુલભાઈ તમે આવતા હતા ત્યારે પેલું સૂતેલું કૂતરું દેખાયું નહીં. વિપુલ જરા ખરાબ રીતે બોલ્યો - એવું નથી, અંધારું છે ને કાળું કૂતરું છે એટલે મને ના દેખાયું. અને પાછું કૂતરું ખાડો ખોદીને અંદર સૂતું હતું. એટલે ઉપર બધું સરખું જ લાગે. ગાંડાલાલે કીધું બસ મારી ભુલ. તને બધું સારું દેખાય છે. તારી આંખો બહુ મજબૂત છે અને એટલે જ તું ચશ્મા પહેરે છે. ગાંડાલાલ હસતાં-હસતાં બોલ્યા તમે તો ખોટું લાગી ગયું. મારો ઈરાદો તને દુઃખી કરવાનો નહોતો. ત્યાં ડાહ્યાલાલ આવ્યા. ડાહ્યાલાલે કહ્યું ભાઈ આ શેનો અવાજ છે. ગાંડાભાઈ તમે વિપુલની મશ્કરીના કરો. આપણા ચારેયમાં વિપુલ એક સજ્જન માણસ છે.

બંને ત્યાં સુધી આપણા ચાર, હું ડાહ્યાલાલ, તમે ગાંડાલાલ, તું વિપુલ અને નિલેશ પટેલ ચારેય જણા અંદર-અંદર એકબીજાની મશ્કરી કરવાની પણ કયારેક આપણા ચાર સિવાયની કોઈની મશ્કરી કરવી નહીં. આપણે એકબીજાને કંઈ પણ કહી શકીએ પણ આપણા ચાર સિવાય કોઈની કરવી નહીં. ડાહ્યાલાલે કહ્યું, આજે આટલું બસ છે. આજે આપણે ચિકનગુનિયા વિષે વાત કરીએ. અત્યારે કોરોના ઓછો થઈ ગયો છે, મેલેરિયા પણ ઓછો થઈ ગયો છે. ડેન્ગ્યુ અને ચિકનગુનિયા વધારે પ્રમાણમાં ગાંધીનગર અને ગાંધીનગરની આજુબાજુના વિસ્તારમાં ચોમાસાના લીધે ભેજવાળા વાતાવરણને લીધે ડેન્ગ્યુ અને ચિકનગુનિયા અને થોડા પ્રમાણમાં મેલેરિયા જોવા મળે છે. આપણે પહેલાં પણ ઘણી વખત ચર્ચા કરી છે કે મેલેરિયા, કોરોના માટે તાવ આવે એટલે ટેસ્ટ કરાવવા જોઈએ પણ એનું નિદાન લેબવાળા સરસ રીતે કરે છે. લેબમાં ચિકનગુનિયા ટેસ્ટ તો થાય છે. પણ ચિકનગુનિયા હોય તો પણ ચિકનગુનિયાનો લોહી ટેસ્ટ નેગેટિવ આવે છે. એટલે ગાંડાલાલથી રહેવાયું નહીં. અરેરે.... અરે આવું એક તો લોહી માંડ - માંડ ટેસ્ટ કરાવતા હોય અને પાછું એમાં આવા ખોટા રિપોર્ટ આવે તો દર્દીઓને કરવાનું શું ? ડાહ્યાલાલ બોલ્યા, એવું નથી હોતું તમે સમજવાનો પ્રયત્ન કરો. લેબમાં ટેસ્ટ તો સાચી રીત જ થતા હોય. કોઈ પણ લેબ ટેસ્ટ કર્યા વગર રિપોર્ટ આપી શકે ? ડાહ્યાલાલે કહ્યું, આવું ના થાય, કોઈ લેબ આવું ના કરે છતાં પણ ખોટી કોમ્પિટીશન અને અનઈથીકલ પ્રેક્ટિસ વાળી લેબ આવું કરી પણ શકે. એટલે તો કહીએ છીએ સ્ટાન્ડર્ડ લેબનો જ આગ્રહ રાખવો. ગલી-ગુચીઓ વાળી લેબમાંથી બચવું જોઈએ. ભલે એમાં પેથોલોજીસ્ટના પાટીયા મારેલાં હોય. પણ આપણે જુદાં એન્ગલથી વાત કરીએ છીએ આપણે એના જોડે કઈ લેવા દેવા નથી. આપણે વાત ચિકનગુનિયાની કરીએ. માની લઈએ કે બધી લેબ સારા ટેસ્ટ કરે છે છતાં પણ દરેક ટેસ્ટની મર્યાદા એટલે કે સેન્સેટીવીટી હોય. ચિકનગુનિયામાં ત્રણ રીતે ટેસ્ટ કરવામાં આવે છે. પહેલાં તો એવું કહેવાતું અથવા ડૉકટરો એવું કહેતા કે ભલે લેબ ટેસ્ટ નેગેટિવ હોય પણ તમને ચિકનગુનિયા જ છે. ડૉકટરે ચિકનગુનિયા કાર્ડ ટેસ્ટ અને ચિકનગુનિયા Elisa એ બે મેથર્ડથી લોહીનો ટેસ્ટ કરાવ્યો હોય પણ બંને રિપોર્ટ નેગેટિવ આવે. અને હવે એવો જ પેશન્ટોના ચિકનગુનિયા PCR કરવામાં આવ્યા તો એ બધા જ દર્દીઓમાં ચિકનગુનિયા PCR પોઝીટીવ આવ્યા.

પણ ગાંડાલાલથી રહેવાયું નહીં. એમ તો બધી ધમાલ થઈ જાયને બધા રિપોર્ટ ખોટા હોય તો તમારી PCR લેબોરેટરી સાચી. આમા તો એવું જ છે PCR ની લેબોરેટરી સાચી. ચિકનગુનિયા જીવલેણ નથી પણ જેને ચિકનગુનિયા થયો હોય એને છ મહિના સુધી સાંધા દુઃખે છે... સાહેબ. એટલે ચિકનગુનિયા માટે ચિકનગુનિયા PCR જ કરવો.

# ડો. જીવરાજ મહેતા : વિસ્મૃત ન થાય તેવું વ્યક્તિત્વ



ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

વડોદરાના રેલ્વે સ્ટેશન ઉપર આજે થોડી વિશેષ ચહલ પહલ હતી. તત્કાલિન મુંબઈ રાજ્યના નાણાં પ્રધાન ડૉ. જીવરાજ મહેતા મુંબઈથી ટ્રેનમાં વડોદરા આવી રહ્યા હતા. ગાંધીયુગની અસરનો તેમજ તે પેઢીનો આ સમયકાળ હતો. રાજકીય આગેવાનોની રહેણી કરણી પર પણ મહાત્માની અસર હતી. મોટા ભાગના આગેવાનો જાહેર વાહનોમાં મુસાફરી કરવાનું પસંદ કરતા હતા. રાજ્યોની સરકારોના મહત્વના હોદ્દેદારો માટે સરકાર વીમાનો કે હેલીકોપ્ટરોની વ્યવસ્થા કરે તેવું વલણ હજુ તે સમયે પ્રચલિત ન હતું. જોકે કાર્યનિષ્ઠા તેમજ કામના અમલીકરણની ચોકસાઈ ગુણવત્તામાં નબળી ન હતી. સાધનો ઓછા હશે પરંતુ સરકારમાં બેઠેલા અગ્રજોની સંવેદનશીલતા ધારદાર હતી. અહીં વડોદરાના રેલ્વે સ્ટેશન ઉપર કેટલાક નેતાઓ તેમજ અધિકારીઓ વગેરે નાણાંમંત્રીને આવકારવા ઊભા હતા. નિયત સમયે ટ્રેન આવી અને મહેતા સાહેબનું યથોચિત સન્માન થયું. ત્યારબાદ સૌ સ્ટેશનના પુલના પગથિયા ચડીને બહાર જવા નીકળ્યાં. પગથિયા ઉતરતા હતા ત્યારે ડૉકટર સાહેબની સચેત નજરમાં એક મહિલા આવી. મહિલા પણ ટ્રેઈનમાંથી ઉતરી તેજ રસ્તે બહાર જતી હતી. જીવરાજભાઈએ જોયું કે મહિલાએ એક હાથમાં નાનું બાળક તેડ્યું હતું. તેના બીજા હાથમાં પીવાના પાણીનું વાસણ હતું. બાળકની ચહલપહલ તેમજ પાણીના વાસણના વજન સાથે પગથિયા ઉતરવાનું મહિલાને મુશ્કેલ જણાતું હતું. મુંબઈ જેવા મોટા તથા સમૃધ્ધ રાજ્યના નાણાંમંત્રીએ આગળ જતી મહિલાના હાથમાંથી સહજ રીતેજ પાણીનું વાસણ લઈ લીધું. મહિલાએ પગથિયા ઉતરવામાં રાહત અનુભવી. પગથિયા પૂરા થયા બાદ તે મહીલાને પાણીનું વાસણ પાછું આપી આ દ્રષ્ટિપંત રાજપુરુષ સરકારી ગાડીમાં બેસી સરકીટ હાઉસ તરફ ગયા. આજના સંદર્ભમાં માન્યામાં ન આવે તેવી આ સાચી વાત ધૈર્યચન્દ્ર બુધ્ધે 'ઊર્મિ નવરચનાહ્ર નામના તે સમયના સુપ્રસિધ્ધ માસિકમાં લખી અને મહેતા સાહેબને ઊર્મિસભર અંજલિ આપી. આવા ઉમદા સંસ્કાર ગાંધીજીના સહકાર્યકર્તામાં હોય તે સ્વાભાવિક છે. મહાત્મા ગાંધીની પોતાની વિચારસરણી સ્પષ્ટ કરતો દાંડીકૂચનો આવોજ એક પ્રસંગ બન્યો અને લખાયો. પ્રસિધ્ધ પણ થયો. દક્ષિણ ગુજરાતમાં દાંડીકૂચ (માર્ચ-૧૯૩૦) આગળ વધતી હતી ત્યારે ૬૧ વર્ષના યુવાન ગાંધીની નજર એક આદિવાસી (દૂબળા) પર પડી. તે સમય એવો હતો કે પૂરો પ્રકાશ ન હતો. કૂચમાં ચાલનારાઓની સવલત માટે આ આદિવાસીના માથે વજનદાર પેટ્રોમેક્સ મૂકવામાં આવી હતી. સંવેદનીશલ ગાંધીએ દૂબળા જનના આ ભારની સમાનુભૂતિ કરી. બાપુ ઊકળી ઊઠ્યા અને આયોજકોએ આવી પ્રથા કૂચ માટે બંધ કરાવી. ગાંધી સંસ્કારની આ પરંપરાને અનુસરતા જાહેર જીવનના અગ્રણીઓની એક આખી પેઢી આપણે નજર સમક્ષ જોવા ભાગ્યશાળી થયા છીએ. મહાગુજરાતના ઐતિહાસિક આંદોલન થકી ગુજરાતનેઅલગ રાજ્યનો દરજ્જો મળ્યો. દેશની આઝાદી માટે જે અહિંસક મહાસંગ્રામ થયો તેની સ્મૃતિ તાજી કરાવે તેવો સંગ્રામ ઈન્દુચાચાના નેતૃત્વમાં ગુજરાતે સ્વતંત્ર રાજ્યનો દરજ્જો મેળવવા માટે કર્યો. કેન્દ્રના કેટલાક શક્તિશાળી નેતાઓ ગુજરાતના સ્વતંત્ર રાજ્યની તરફેણમાં ન હતા. ઈન્દુચાચા પ્રેરીત આ ઝૂવાળને ઠારવા માટે ઘણાં પ્રયાસો પણ થયા. પરંતુ જે લોકઝૂવાળ ઊભો થયો હતો અને જેનું નેતૃત્વ ઈન્દુલાલ યાજ્ઞિક સંભાળતા હતા તેને રોકવાની વાત વાસ્તવિક્તાથી દૂર હતી. આવા પ્રયાસો નિષ્ફળ ગયા. ગાંધી વિચારના પૂર્ણ અનુયાઈ ઈન્દુચાચા ન હતા. પરંતુ નૂતન રાજ્યમાં સત્તામાં ભાગીદાર થવાનો મોહ ઈન્દુચાચાને થયો નહિતે તેમની ગાંધી વિચાર પરત્વેની નિષ્ઠા કહી શકાય.

ડૉ. જીવરાજ મહેતા એક નીવડેલા તબીબ હતા. ગાંધીજીને ડૉકટર જીવરાજ મહેતામાં એક તબીબ તરીકે પૂર્ણ વિશ્વાસ હતો. બાપુ પોતાની તબિયત બાબતમાં છેલ્લો અભિપ્રાય જીવરાજભાઈનોજ લેતા હતા. પંડિત મોતીલાલ નહેરુની અંતિમ બીમારીના કટોકટીભર્યા સમયમાં તેમની સારવારમાં જીવરાજભાઈ હાજર હતા. પંડિત મોતીલાલજી કહેતા કે મારું શરીર સાચવવા મેં ડૉ. જીવરાજને સોંપી દીધું છે. કીર્તિવાન રાજવી સયાજીરાવના અંગત તબીબ પણ ડૉકટર સાહેબ હતા. ગુણવંતી ગુજરાતના પહેલા મુખ્યમંત્રી તરીકે આ સફળ તબીબની પસંદગી સર્વથા ઉચિત હતી. નવજાત રાજ્યની સારસંભાળ લેવા અને તેનો વિકાસ કરવાનું કામ એક સમર્થ તબીબ અને સૌજન્યશીલ રાજપુરુષના ખભે આવ્યું તેમાં વિધિનો કોઈ શુભ સંકેત હતો. મે-૧૯૬૦થી ત્રણ વર્ષના ગાળા માટે મુખ્યમંત્રીના પદને ગરીમા આપનાર આ રાજપુરુષને મુખ્યમંત્રી પદ કેટલીક ક્ષૂલ્લક બાબતો માટે છોડવું પડ્યું તે કથા કોઈપણ સમજદાર ગુજરાતીને અપ્રિય લાગે તેવી છે.

મહેતા સાહેબના જીવનસાથી ડૉ. હંસાબહેન મહેતા એ ગુજરાતી ભાષાની પ્રથમ નવલકથા 'કરણઘેલોહ્ર (૧૯૬૬)ના લેખક નંદશંકર તુળજારામ મહેતાના પૌત્રી હતા. પરંતુ " શ્રી સયાજીરાવ યુનિવર્સિટી વડોદરાના કુલપતિ પદેથી તેમણે આપેલી શિક્ષણ સેવા અને ભારતીય નારીની ગૌરવવૃધ્ધિની તેમની પ્રવૃત્તિઓ હ્રહ્ર એ તેમની વ્યક્તિગત સિધ્ધિઓ હતી. (પ્રો.તખ્તસિંહ પરમાર : સમતાનો મેર : ડૉ. જીવરાજ મહેતા) હંસાબહેન શિક્ષણ તેમજ કલાનો વારસો લઈને જન્મેલા હતા. વડોદરા રાજ્યના દીવાનપદને શોભા અપાવનાર તેમના પિતા મનુભાઈ મહેતા પણ એક ઉત્તમ વહીવટકર્તા હોવા ઉપરાંત તત્વજ્ઞાનના અભ્યાસુ અધ્યાપક હતા. હંસાબહેનનો જન્મ સુરતમાં ત્રીજી જુલાઈ-૧૮૯૭માં થયો હતો. જાન્યુઆરી-૧૯૨૪માં તેમનું લગ્ન જીવરાજ મહેતા સાથે થયું. જ્ઞાતિવાદની દિવાલને તોડીને તે કાળમાં થયેલું આ લગ્ન હતું. બે સુયોગ્ય વ્યક્તિત્વનું જોડાણ હતું. જેનો લાભ સમાજને મળ્યો હતો.

ગુજરાતનું એ સદભાગ્ય છે કે તેના પ્રથમ સુકાની એક પ્રખર લોકશાહીવાદી તેમજ નિષ્ઠાવાન સેવક હતા. સંવેદનશીલતા તેમના વ્યક્તિત્વનો અભિન્ન ભાગ હતો. "ગુજરાતના વહીવટીની કેટલીક સારી પ્રણાલીઓ તેમણે પાડી હતીહ્રહ્ર (હિતેન્દ્ર દેસાઈ)

ડૉ. મહેતા સાહેબ જેવા 'દુર્લભ દરવેશહ્ર માટે કવિ રમેશ પારેખના શબ્દો વાપરવા ઉચિત થશે.

પડે ન સહેજે ખુદનો ડાઘો
એમ જગતને અડે,
દુર્લભ એ દરવેશ
કે જેના કાળ સાચવે પગલાં.

# સુખનો છેડો નથી હોતો... ફક્ત ભાતીગળ પાલવની કોર હોય છે..!



સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

પ્હો ફાટે છે..આકાશમાં નવા રંગો ઉમટે છે. એક નવું અરમાન ફૂટે છે..જીવન ચલને કા નામ હૈ...સવાર સાંજ ચાલતા રહેવું એટલે ધબકતા રહેવું..સ્થગિતતા શૈતાન જેવી હોય છે..એ ધીમેથી આપણને લપેટાય... એને ખંખેરી આગળ વધવાની ઉર્જા આપણી અંદર જ પડી હોય છે..એને પ્રગટાવવાની હોય છે..સુખનો છેડો નથી હોતો એનો ફક્ત પાલવ હોય છે..જેની ભાતીગળ કોર આસપાસ જ ખુશીઓ લ્હેરાતી હોય છે.

નવા જીવનનું કિરણ પ્રગટે છે..ઉદય અને અસ્ત આમ તો એના નિશ્ચિત મુકામ છે,પણ ઉગવાની ઘટના એક નવા આશાવાદ સાથે આકાર લેતી હોય છે..કશું જ સરળતાથી ઉઘડતું નથી..રસ્તો એ જ હોય છે... મુસાફરની ચાલ અલગઅલગ હોય છે..સીધાસટ ચાલી નાખવાની ઘટનાનું કોઈ મહત્વ નથી..આનંદ એટલે શું ? પોતાના હાથમાં જે ફુલો છે એમાંથી ગજરો બનાવવાની કળા.આમાં ફૂલો વધુ સારા મળે કે તાજાં જ મળે એ શરત નથી..ગજરો બનાવવાની આપણી આવડત મહત્વની શરત છે...!

હમણાં જ બનેલી એક ઘટના ઘણું શીખવી ગઈ... એક લાંબી મુસાફરીની વચ્ચે ગામના એક ખોરડે થોડીવાર ઉભા રહયા..બળબળતો બપોર હતો..પરિચિત પરિવારનાં તમામ સભ્યો ઉમળકાથી આવકારવા માટે બહાર આવ્યાં... ચા પાણી માટે ખૂબ આગ્રહ થયો... એ માટે કોઈપણ પ્રકારની અનુકુળતા એમની પાસે દેખાતી હતી નહી..અમે પણ ઉતાવળમાં હતા... આમછતાં થોડીવારમાં જ સરસ મજાની ચા અમારા માટે તૈયાર થઈ ગઈ..આવી ગરમીમાં દૂધ ક્યાંથી આવ્યું હશે ? ઘરમાં ફ્રીઝ હોવાનો પ્રશ્ન જ ન હતો..ઘરની પાછળ ઉભેલી બકરીનું તાજું દૂધ ચુપચાપ આવી ગયું હતું... બીજી અનેક અડચણો હતી પણ પરિવારનો આતિથ્યભાવ આશાના તાંતણે જીવંત હતો... નાનો સરખો નિવાસ એકમેકના સહવાસથી ઉજાસમય બની ગયો..માણસને અભાવ નથી તોડી શકતો..એનો સ્વભાવ કદાચ એ માટે જવાબદાર હોય છે.

આપણે કદાચ આવી નાની નાની ઘટનાઓને બરાબર નિરખતા નથી.આપણું મન મોટા માંડવે જ રાચતું હોય છે..જાણીતા વકતા હોય. મોટીવેશનલ સ્પીકર હોય. જાહેરજીવનની જાણીતી હસ્તી હોય એની સાફલ્ય ગાથાઓ જ આપણને અભિભૂત કરે છે...હકિકતમાં સાચી જીવન સમજણ એકલદોકલ નાનકડા ખોરડે જ પાંગરતી હોય છે..પરંતુ આપણે ઉંચી દુકાનના ફીકાં પકવાન જ ખાતા રહીએ છીએ..

જગત બહુ સાહજિક બાબતો ઉપર નિર્ભર છે... ગ્રંથ ગરબડ કરવાવાળા આમતેમ અટવાઈ જાય છે... પાણીનો જેમ પ્રવાહ હોય છે એમ જ જીવનનો પણ સહજ લય હોય છે..આપણી ખણખોદ ક્યારેક એને અવરોધે છે..કહેવાય છે ને કે જેનું જીવન સાદુ એનું નામ જ સાધુ...! સત્ય જેમ ક્ષણમાં સમાયેલું હોય છે એમ જીવન પણ નાની નાની સમજણની પળોમાં પરોવાયેલું હોય છે..

બહુ ભારેખમ ફિલસુફી લખવાનો કોઈ આશય નથી... મને ઘણા લોકોનો લાઈવ ઈન્ટરેસ્ટ સ્પર્શી જાય છે... અનેક સગવડો વચ્ચે પણ સંજોગોનો વાંક કાઢી વસવસો વ્યક્ત કરતા માણસો મને માનવજાત ઉપરના તહોમતનામા જેવા લાગે છે..કસ્તુરી પોતાની નાભિમાં છે છતાં અવિરત દોડતા મૃગ જેવી આપણી દશા છે...એની દોડમાં ગતિ છે પણ આશાવાદ નથી...આંતરખોજનો એક અભાવ હોય છે..જેટલો વૈભવ અને ઐશ્વર્ય બહારની દુનિયામાં છે એથી અનેકગણી અજાયબીઓ આપણા આંતરજગતમાં ભરેલી પડી છે...આપણે એ પટારો ખોલી શકતા નથી અને બહારના તોતિંગ દરવાજાઓ તોડવા મહેનત કરતા રહીએ છીએ..

કરમાઈ જવાનાં કે સૂકાઈ જવાનાં અહીં લાખ કારણો છે પણ લીલાછમ રહેવાની એક પ્રબળ ઈચ્છા એ તમામને પરાસ્ત કરવા માટે પૂરતી હોય છે..જિંદગી એ કોઈ ઉકેલ માગતો કોયડો નથી કે જેને ઉકેલવાનો હોય..જીવન એટલે કાંટાઓ વચ્ચેથી મધ ચાટવાની નજાકત...જિંદગીને અર્થહીન રાખવી એટલે જ કટાઈ જવું..એમાં કોઈ અર્થ ઉમેરી સાર્થકતા ભરવી એ જ આમ તો માણસનું કર્તવ્ય છે... જીવનનો અર્થ શોધવો એટલે જ સાચી દિશા પકડવી... અર્થસભર આયખાથી વધીને કોઈ મોટી ઉપલબ્ધિ નથી.

ઘણીવખત આપણને જેની શોધ હોય છે એ મોજ આપણી અંદર જ પડેલી જોવા મળે છે..માણસે તેને પ્રગટ કરવાની હોય છે.મોજ એ આયાત થઈ શકે એવી ચીજ નથી... ઊલટાનું એની નિકાસ કરવાથી એ વધે છે. મોજનું સરનામું માણસનું મન છે..એને શોધવા માટે બહાર ભટકવું કે આમતેમ ફાંફાં મારવાં એ નિર્રથકતા છે..આપણી અંદર જો આપણે એને શોધી નાખીએ તો એ આસજન જેવી બની જાય છે... આપણે જ્યાં જઈએ ત્યાં એ આપણી સાથે જ વિહરતી રહે છે...

સવાર હોય કે થાકેલા મુસાફર જેવી કોઈ સાંજ...બળબળતી બપોર હોય કે મેઘલી રાત...આ બધા રંગ છે પ્રત્યેક ઉઘડતા દિવસના..જે પણ મળે છે એ ગમતું જાય નવું જડતું જાય એ જ જીવન ઉપહાર... કોઈ નમેલી સાંજનો સૂનકાર પણ માણવા જેવો હોય છે... રાતનો અફાટ અનુભવ નિરાંતનો મુકામ બની જતો હોય છે..એ પછી પ્રગટતી એક નવી સવારનો ઉઘાડ એટલે જ પ્હો ફાટવો... તમસ પછીના ઉજાસની અનોખી છટા હોય છે.એવી એકાદી ઝલક પણ કેટકેટલા જીવનમંત્રો આપણને આપી જાય છે...!